ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G





ચલો સ્કૂલ ચલે... - નવા શૈક્ષણિક વર્ષના મંગલ પ્રારંભે વિદ્યાર્થીઓના કલરવથી શાળા સંકુલો હર્યાભર્યા બની ગયા હતા... ઉનાળુ વેકેશનના અંતે સોમવારની વહેલી સવારથી શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયો... નવા બાળકો માટે શાળાનો પ્રથમ દિવસ આકરો બન્યો હતો... તો ધોરણ-૨ થી ૯ ના વિદ્યાર્થીઓ માટે ઉપરના વર્ગમાં ઉત્તેજનાપૂર્ણ વાતાવરણમાં અભ્યાસનો પ્રારંભ કર્યો હતો. શૈક્ષણિક વર્ષના પ્રારંભથી જનજીવનમાં પણ ભારે ઉલ્લાસ છવાયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં ગરમીએ એક દાયકાનો રેકોર્ડ તોડ્યો

## તોબા આ ગરમી... છેલ્લા દસ વર્ષમાં સૌથી વધુ તાપમાન ૪૪.૮ ડિગ્રી આ વર્ષે નોંધાયું : છેલ્લે વર્ષ-૨૦૦૪માં ગરમીનો પારો ૪૪.૬ સુધી પહોંચ્યો હતો

ગાંધીનગર, તા.૯

રાજયમાં ગરમી પ્રકોપના લીધે જનજીવન આકુળ-વ્યાકુળ બની ગયું છે. આગ ઓકતી ગરમીએ જનજીવન પર ઘેરી અસર કરી છે. જયારે ગરમીના લીધે જનઆરોગ્ય ઉપર પણ વિપરીત અસર થઈ હોવાનું સ્પષ્ટ થયું છે. ગાંધીનગર જિલ્લામાં પણ અંગ દઝાડતી ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે. આકરી ગરમીની અસરથી નાગરિકો બેચેની અનુભવી રહ્યા છે. ગાંધીનગરમાં ગરમીએ છેલ્લા એક દાયકાનો રેકોર્ડ બ્રેક કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. વર્ષ-૨૦૦૩ થી લઈ વર્ષ-૨૦૧૪ દરમિયાન ગરમીનો પારો પાંચ વાર ૪૪ ડીગ્રીને પાર થઈ ગયો હતો. જેમાં વર્ષ-૨૦૦૩ માં મહત્તમ તાપમાન ૪૪.૩ ડીગ્રી નોંધાયું હતું. જયારે વર્ષ-૨૦૦૪ માં ગરમીનો પારો ૪૪.૬ ડીગ્રી પહોંચી ગયો હતો. આ વખતે ગરમીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. ૪ જુનના રોજ ૪૪.૮ ડીગ્રીનું વિક્રમી તાપમાન નોંધાતા નગરજનોએ છેલ્લા એક દાયકામાં આ ઉનાળામાં રેકોર્ડબ્રેક ગરમીનો એહસાસ કર્યો છે.

સમગ્ર રાજયમાં આ વખતે ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે. ગરમીના પારાએ દોટ લગાવતા વિક્રમી તાપમાન નોંધાયું છે. ઉનાળાની શરૂઆત બાદ મહત્તમ દિવસોમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર રહ્યો છે જયારે છેલ્લા ૧૫-૨૦ દિવસથી ૪૨ થી ૪૬ ડીગ્રી સુધીનું વિક્રમી તાપમાન નોંધાતા રાજયના જનજીવનને ગરમીએ અસ્તવ્યસ્ત કરી નાંખ્યું છે. સુર્યોદયથી જ ગણતરીની પળોમાં વાતાવરણ પર ગરમીનું પ્રભુત્વ છવાઈ જતા જનજીવનમાં અનોખો સન્નાટો જોવા મળે છે. ગાંધીનગર જિલ્લામાં પણ આ વખતની ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. છેલ્લા એક દાયકાની વાત કરીએ તો દશ વર્ષમાં સૌથી વધુ તાપમાન ૪૪.૮ ડીગ્રી ગર ૪ જુનના રોજ નોંધાયું છે. આ તાપમાન પાછલા દશ વર્ષમાં સૌથી વધુ હોવાનું આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થયું છે. ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનો બેહાલ બની ગયા છે. છેલ્લા એક દાયકામાં ગરમીનો પારો માત્ર પાંચ વાર ૪૪ ડીગ્રીને પાર થયો હોવાનું ધ્યાને આવ્યું છે. આકરી ગરમીના લીધે છેલ્લા બે મહિના દરમિયાન સમગ્ર રાજયમાં ૨૭ હજાર વ્યક્તિઓની હીટ-વેવના લીધે તબિયત લથડી છે. ગાંધીનગર જિલ્લામાં પણ અંગ દઝાડતી ગરમીએ છેલ્લા બે મહિનામાં ૧૭૩ ને બેભાન કરી દીધા હોવાનો ચોંકાવનારો આંકડો પ્રકાશમાં આવ્યો છે. આ ઉપરાંત ૩૬ વ્યક્તિઓ ડીહાઈડ્રેશનનો શિકાર બની હોવાનું ધ્યાને આવ્યું છે.

**છેલ્લા દાયકામાં ગરમીના પારાની દોટ**

| | |
|---|---|
| ૧૧-૫-૨૦૦૩ | ૪૪.૩ |
| ૫-૫-૨૦૦૪ | ૪૪.૬ |
| ૨૪-૫-૨૦૦૫ | ૪૪.૦ |
| ૫-૫-૨૦૦૬ | ૪૩.૬ |
| ૩-૫-૨૦૦૭ | ૪૨.૦ |
| ૧-૬-૨૦૦૭ | ૪૨.૮ |
| ૨૯-૫-૨૦૦૮ | ૪૨.૦ |
| ૨૦-૫-૨૦૦૯ | ૪૩.૨ |
| ૧૩-૬-૨૦૧૦ | ૪૩.૪ |
| ૧૭-૫-૨૦૧૧ | ૪૧.૮ |
| ૭-૬-૨૦૧૧ | ૪૨.૮ |
| ૧૬-૫-૨૦૧૨ | ૪૧.૮ |
| ૧૮-૫-૨૦૧૩ | ૪૩.૪ |
| ૨૮-૫-૨૦૧૪ | ૪૪.૦ |
| ૪-૬-૨૦૧૪ | ૪૪.૮ |

# બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા ટૂંકમાં પાઈપલાઈનનું કામ હાથ ધરાશે

## સરગાસણ શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી સરિતા ઉદ્યાન, બાલોદ્યાન સહિતના બગીચાઓમાં પાણી સપ્લાય કરવામાં આવશે

ગાંધીનગર, તા.૯

શહેરના બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા સરગાસણ ખાતે પાણી શુદ્ધીકરણ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૦ એમ.એલ.ડી ની ક્ષમતા ધરાવતા આ પ્લાન્ટમાંથી પ્રાથમિક તબક્કે સ્વર્ણિમ પાર્કમાં પાણી સપ્લાય કરવામાં આવી રહ્યું છે. જયારે આગામી દિવસોમાં સરિતા ઉદ્યાન, પુનીત વન, બાલોદ્યાન સહિતના બગીચાઓને તાજા રાખવા પ્લાન્ટમાંથી પાણી સપ્લાય કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ પૂર્વે હવે પાણીની પાઈપલાઈન નાંખવાનું કામ હાથ ધરવામાં આવશે. જેની પાછળ રૂ.૭ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગરના બગીચાઓમાં અત્યાર સુધી શુદ્ધ પાણી સપ્લાય કરવામાં આવતું હતું. અલબત્ત પીવાલાયક પાણી જ બગીચામાં સપ્લાય થતા બગીચાને હરિયાળા રાખવા તંત્રએ મોટો ખર્ચ ઉઠાવવો પડતો હતો. પરંતુ બગીચાઓની હરિયાળી નિખારવા સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત થયા બાદ આ સમસ્યા હળવી થઈ છે. ૧૦ એમ.એલ.ડી ની ક્ષમતા ધરાવતા આ પ્લાન્ટના આધારે દુષિત પાણીને શુદ્ધ કરી બગીચાઓને સપ્લાય કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલના તબક્કે શહેરની આગવી ઓળખસમા સ્વર્ણિમ પાર્કમાં સરગાસણ પ્લાન્ટમાંથી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યું છે. જયારે હવે બીજા તબક્કામાં સરિતા ઉદ્યાન, પુનીત વન, બાલોદ્યાન, સે-૧ ના બગીચા સહીત અન્ય ઉદ્યાનોને પણ પાણી ભીના રાખવા પાઈપલાઈનનું કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ.૭ કરોડનો ખર્ચ થશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. જેથી ઉદ્યાનો માટે પાણી સપ્લાય કરવાની લાઈનનું કામ ટૂંકમાં શરુ કરી દેવાશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ગરમીથી ઉજ્જડ બનતા ઉદ્યાનોની પાણીની જરૂરિયાત સંતોષાશે. તેમજ કીમતી પાણી ખરીદીને ઉદ્યાનો સુધી સપ્લાય કરવું નહિ પડે. પરંતુ દુષિત પાણીને જ શુદ્ધ કરી બગીચાઓ સુધી પહોંચતું કરવામાં આવશે.

# શહેરની શાળાઓ બાળકોની કિકિયારીઓથી ગુંજી ઉઠી

## કહી ખુશી કહી ગમ જેવા દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૯

અઢી મહિનાના વેકેશન બાદ શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થતા શહેરના જનજીવનમાં એક પ્રકારની ચેતના જોવા મળતી હતી. શાળાઓમાં વેકેશન હોવાથી શહેરનું જનજીવન જાણે ઠપ્પ થઈ ગયું હોય તેવું લાગતું હતું. શાળાની આજુબાજુ વેકેશનન કારણે સુમસાન ભાસતા રસ્તાઓમાં પ્રાણ ફુંકાયા હતા.

શહેરની શાળાઓમાં આજથી પ્રાણ ફુંકાયા હતા. અઢી મહીનાથી સુમસાન વેરાન બનલી સ્કુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ખિલી ઉઠી હતી. બાળકો વિના ઘરમાં સન્નાટો છવાઈ જાય છે તેવી જ રીતે વિદ્યાર્થીઓ વિના શાળા પણ સુની થઈ જાય છે. જયારે શાળાઓમાં વેકેશન પડવાનું હોય છે ત્યારે વિદ્યાર્થીઓ ખુબ જ ઉત્સાહિત હોય છે અને શાળાઓ ખુલવાની હોય ત્યારે પણ બાળકો ઉત્સાહિત થઈ જતા હોય છે. ત્યારે આ વખતે ઉનાળામાં વિક્રમી ગરમી નોંધાવા પામી છે. શહેરનું જનજીવન ગરમીના કારણે અસ્તવ્યસ્ત બની જવા પામ્યું છે. મોટા ભાગના પરિવારજનોએ બહાર ફરવા જવાનું ટાળ્યું છે અને ઘરમાં જ પુરાઈ રહેવું પડયું છે. સમર કેમ્પમાં પણ ગરમીને કારણે બાળકોની હાજરી ઓછી દેખાતી હતી. ત્યારે આ વખતે બાળકો મેદાનમાં પણ જોવા મળતા ન હતા.

શાળાઓ શરૂ થતા જ શહેર ધબકતું થઈ ગયું છે. રોડ પર ટ્રાફિક દેખાવા લાગતો હતો તો શાળાઓની આજુ બાજુમાં આવેલ દુકાનોમાં પણ ગોળી-બિસ્કીટ લેવા માટે લાઈનો દેખાવા લાગી હતી. જે રસ્તાઓએ બે મહિના બિલકુલ આરામ ફરમાવ્યો છે તેવા રસ્તાઓ આજે સ્કુલવાનનો ભાર સહન કરતા જોવા મળતા હતા.

પ્રથમ દિવસે સ્કુલ ડ્રેસમાં સજ્જ બાળકોએ શાળાના મેદાનમાં પગલા પાડતા જ જાણે અચાનક જીવ ફુંકાઈ આવ્યો હોય તેવું લાગતું હતું. શાળાના સુના ઓરડા અને એ ઓરડામાં સુના બ્લેક બોર્ડ આજે વિદ્યાર્થીઓ માટે સજ્જ થઈને બેઠા હોય તેવું લાગતું હતું. શાળાઓ ખુલતા સુના બજારો છલકાવા લાગ્યા હતા. શોપીંગ સેન્ટરો પર વિદ્યાર્થીઓ વાલીઓની ભીડ જોવા મળતી હતી. શાળાના પ્રથમ દિવસે સ્કુલવાન ચાલક દ્વારા બરફના ગોળા ખવડાવવામાં આવ્યા હતા જે રસ્તા પર સાયકલની ઘંટડી ન સંભળાતી તેવા રસ્તા આજે ગાડીઓના હોર્નથી ગુંજી ઉઠયા હતા.

# ગાંધીનગર ખાતે સ્વ. ગોપીનાથ મુંડેને ભાવભીની અંજલિ



## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ધર્મપત્નિ જશોદાબેનની ઉપસ્થિતિ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સ્થિત ટાઉનહોલ ખાતે દિવંગત કેન્દ્રીય મંત્રી અને મહારાષ્ટ્રના કદાવર નેતા સ્વ. ગોપીનાથ મુંડેની શોકસભા યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધર્મપત્ની જશોદાબેન મોદી સહિત ભાજપ અને વણઝારા સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

આ પ્રસંગે ઓલ ઈન્ડિયા વણઝારા સેવા સંઘના પ્રમુખ શ્રી કે.જી. વણઝારાએ સદગત ગોપીનાથજીને ભાવભીની અંજલિ આપતા સમાજ માટેની તેમની પ્રતિબદ્ધતાને પ્રણામ કર્યા હતા. ગોપીનાથજીની વિદાય માત્ર એક સમાજ કે એક રાજ્ય માટે નહિ પણ સમગ્રદેશ માટે અને ઓબીસી સમાજોના યુવાનો માટે ભારે ખોટ વર્તાશે. ગુજરાત પછાત જાતિવિકાસ બોર્ડના ચેરમેન શ્રી જયંતિલાલ બારોટે પણ સ્વ. ગોપીનાથ મુંડેને ગરીબોના મસીહા દર્શાવી ભાવભીની અંજલિ આપી હતી. સમાજના અનેક આગેવાનોએ સ્વ. ગોપીનાથ મુંડેની કામગીરીને બિરદાવી સદગતને ભાવભીની અંજલિ આપી હતી.

તાજેતરમાં દિલ્હીમાં કાર અકસ્માતમાં મૃત્યુ પામનાર સ્વ. ગોપીનાથ મુંડેને શ્રધ્ધાંજલી આપવાનો કાર્યક્રમ ગાંધીનગરના ટાઉનહોલમાં યોજવામાં આવ્યો હતો. ગુજરાત પ્રદેશ ઓલ ઈન્ડિયા બંજારા સેવા સંઘ, ઓબીસી સંસ્થાઓ, એન.ટી. અને ડી.એન.ટી. સંગઠનોના સહયોગથી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ધર્મપત્ની જશોદાબેન મોદી, ભાજપના આગેવાનો, બંજારા સંઘના પદાધિકારીઓ સહિત ગુજરાતની ૧૪૬ ઓબીસી જાતિઓ અને ૪૦ વિચરતી વિમુકત જાતિઓના આગેવાનોએ ઉપસ્થિત રહી સ્વર્ગસ્થ મુંડેને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.




શૈક્ષણિક બજાર છલકાયું : શૈક્ષણિક સત્રના પ્રારંભે પાઠ્યપુસ્તકો, નોટબુક્સ અને શૈક્ષણિક સાધન-સામગ્રીની ખરીદી માટે દુકાનોમાં ભારે ભીડ વર્તાય છે... શહેરના જાણીતા બુકસ્ટોલમાં શનિ, રવિ અને સોમ એમ ત્રણેય દિવસ વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ખરીદી માટે ઉમટ્યા હતા (તસવીર : કશ્યપ નિમાવત)

# શાળાનો સમય ૧૧ વાગ્યા સુધી જ રાખવા આદેશ

## બપોર પાળીની શાળાઓ પણ સવારની કરવા શિક્ષણ વિભાગની સુચના

ગાંધીનગર, તા.૯

સમગ્ર રાજયમાં કાળજાળ ગરમીનું મોજું ફરી વળ્યું છે. આગ ઓકતી ગરમી જાનલેવા પુરવાર થઈ છે. આવા સંજોગોમાં આમ નાગરિકો અસહ્ય ગરમીથી બચવા અનેક નુસ્ખાઓ અજમાવી રહ્યા છે. ત્યારે વિક્રમી ગરમીને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ચિંતાનું મોજું પ્રવર્ત્યુ છે. જેને અનુલક્ષી નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે આક્રમક હિટવેવને ધ્યાને લઈ વેકેશનનો સમયગાળો લંબાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઠવા પામી હતી. આખરે શિક્ષણ વિભાગ કક્ષાએથી આ અંગે મહત્વનો નિર્ણય લીધો છે. દરેક શાળાઓનો સમય ૭ થી ૧૧ નો રાખવા સૂચનાઓ આપી દેવામાં આવી છે જયારે બપોરના બદલે સવારની પાળીમાં શૈક્ષણિક કાર્ય હાથ ધરવા પણ શાળાના આચાર્યોને શિક્ષણ તંત્ર દ્વારા જણાવી દેવામાં આવ્યું છે.

સમગ્ર રાજયમાં છેલ્લા દશ દિવસથી આગ વરસતી ગરમીએ જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com